# રાજાનો યોગ : આત્માની મુક્તિનો યોગ

આ સર્ગમાં રાજા અશ્વપતિની તપસ્યા અને યોગસાધના દ્વારા એને જે અલૌકિક સિદ્ધિઓ અને અધ્યાત્મ અવસ્થાઓ પ્રાપ્ત થઈ હતી તેનું વર્ણન આવેલું છે.

પૃથ્વીલોકની પ્રાર્થનાએ સાવિત્રીને મર્ત્ય જન્મ લેવાની ફરજ પાડી હતી. રાજા અશ્વપતિને એની તપસ્યાને અંતે મળેલા વરદાનમાં સાવિત્રીનો અવતાર થયો હતો.

રાજા અશ્વપતિનો આત્મા ઊર્ધ્વનાં દિવ્ય ધામોમાંથી ઊતરી આવી પૃથ્વીલોકનો અધિવાસી બન્યો હતો. અચિત્ અવસ્થામાંથી પરમાત્મચેતનાની સિદ્ધિ પ્રતિ જે ઉત્ક્રાંતિ ચાલી રહેલી છે તે પ્રભુની લીલાના કાર્યમાં એ અગ્રેસર રૂપે કાર્ય કરતો હતો. પૃથ્વીની મૂગી આવશ્યકતાને સંતોષવા માટે એણે સાવિત્રીની પ્રભાવી શક્તિને અહીં ઉતારી આણી હતી. એ દેખીતો માનવ હોવા છતાં એની અર્ધપારદર્શક માનવતામાં થઈ અંધ જગતને દોરતા સર્વજ્ઞ પ્રભુની દિવ્યતા દેખાઈ આવતી હતી. પૃથ્વીના ને મનુષ્યના દેવાદાર પ્રભુનું ઋણ ચૂકવવા એને સ્વરૂપે પરમાત્મપુત્રતા પ્રકટ થઈ હતી. કાળની ક્ષણોમાં અટવાયેલું આદિ સનાતનતાનું બળ એનામાં આવિર્ભાવ પામ્યું હતું. અજ્ઞેયમાંથી આવેલું સામર્થ્ય એનામાં સજાયું હતું. તેમ છતાં પોતાની અનંતતાઓનું એનું દર્શન એણે અહીં પૃષ્ઠભાગે રાખી મૂક્યું હતું.

અશ્વપતિનું આખુંયે જીવન પરમાત્મા પ્રતિ પ્રગતિ કરી રહેલા ક્રમવિકાસનું જીવંત કાર્ય હતું. એનો આત્મા હતો સનાતનનો પૃથ્વી ઉપરનો પ્રતિનિધિ. એના પદસ્પર્શથી પૃથ્વી પ્રાણધારી અનંતદેવની ક્રીડાભૂમિ બની ગઈ હતી. મર્ત્યતામાંથી અમૃતત્વમાં, જીવભાવમાંથી શિવભાવમાં એના આત્મચેતનની ઊર્ધ્વગતિ થઈ રહી હતી. એનો દૈવી પ્રભાવ અપક્વ ને અપૂર્ણ પાર્થિવ સ્વભાવને પરમાત્મીય પરિપક્વતા અને પૂર્ણતા પ્રત્યે પ્રેરી ને દોરી રહ્યો હતો.

મહીતલ ઉપરનું માણસનું જીવન એક ધીરી તૈયારીનું છે. શ્રમ, આશા, યુદ્ધ અને શાંતિના ચક્કરોમાં થઈ અક્ષુણ્ણ શિખરે આપણે આરોહીએ છીએ, ચડપડના વારાઓમાં થઈ આખરે પ્રભુની અનંતતામાં આપણે જઈ પહોંચીએ છીએ.

સંદેહ ઉત્પન્ન કરતા પડદા પૂઠળ રહી એક સાન્નિધ્ય શિલ્પકાર્ય કર્યા કરે છે અને માટીના માણસને એ પ્રભુની પ્રતિમામાં પલટાવે છે. પ્રથમ આંતરિક પ્રદેશોમાં આ શિલ્પ ચાલતું હોય છે, પરંતુ એ આગળ વધતું જાય છે અને અંતે એક પરમોચ્ચ

ચમત્કાર ઓચિંતાનો સિદ્ધ થાય છે. પૃથ્વી સ્વર્ગલોક સાથે સંલગ્ન બની જાય છે, દિવ્ય દ્રષ્ટા, દેદીપ્યમાન દેવ ઉદય પામે છે. આપણા ક્ષુદ્ર સ્વરૂપનાં સીમાચિહ્નો ધબી જાય છે, અહંભાવનો દ્વીપ મૂળ ખંડ જોડે જોડાઈ જાય છે, અવિદ્યાના અજ્ઞાન સાથેના જીવના કરાર રદ થાય છે.

હવે અશ્વપતિના સાંત સ્વરૂપે અનંત સાથેનો સહયોગ સાધ્યો. અખંડ સત્યે એનામાં આલય મેળવ્યો. એની ચાલ ગરુડનું ઉડ્ડયન બની ગઈ. આત્મચેતનાનો એ ત્વષ્ટા બન્યો. અકાળતાનો એ અભીપ્સુ બન્યો. ઊર્ધ્વ ધામોમાંથી મુક્તિએ અને મહારાજ્યે એનું આવાહન કર્યું. મનની સંધ્યાની ને પ્રાણની તારકિત રાત્રિની ઉપર અધ્યાત્મ અહનનું પ્રભાત પ્રકાશ્યું.

આવી રીતે જેમ જેમ એ માહાત્મ્યમાં આગળ વધ્યો તેમ તેમ માનવભાવે એનાં કર્મોને રૂપ આપવાનું ઓછું કરી દીધું. એક મહત્તર આત્માએ મહત્તર જગતને જોયું. મનના મહાલોની સરહદો પાર એ હિંમતથી ઊડયો. મનુષ્યની અંદર સુવાડી રાખેલી શક્તિઓ એણે ગાંડીવની માફક હાથમાં લીધી. નિત્યની કાર્યસરણીને એણે ચમત્કારમાં ફેરવી નાખી. બ્રહ્માત્મકતાના ઉપહારો એની પાસે ઢગબંધ આવવા લાગ્યા. મન-હૃદય-પ્રાણ-ઇન્દ્રિય-શરીરની સૂક્ષ્મ સિદ્ધિઓ એની બની ગઈ. ભૂતમાત્ર સાથેની એની એકાત્મકતામાંથી એમના સમગ્ર સ્વરૂપનું જ્ઞાન એ સહજમાં પામી જતો. અંદરનાં ભુવનોએ એને માટે પોતાનાં બારણાં ઉઘાડી નાખ્યાં. અદૃશ્ય દૃશ્ય ને અગોચર ગોચર બની ગયું. ન સુણાતા સ્વરો એ સાંભળવા લાગ્યો. અનાસ્વાદિત માધુર્યો એની જિહ્વાના અગ્ર પર ઠર્યાં. સંગીતના અલૌકિક સૂરો એને આનંદ આપવા લાગ્યા. અંતવંતને અનંત સાથે સંયોજી દેતું સર્વ એને માટે સ્વાભાવિક બની ગયું.

દેવો ને દાનવો આવ્યા—પોતપોતાનાં સિદ્ધાંતશાસ્ત્રો સાથે. ઉભય પોતાને પ્રભુના પ્રવક્તા માનતા હતા. હવે અશ્વપતિના આત્માને પોતાનો બનાવી દેવાનો દાવો આગળ કરી તેઓ પરસ્પર લડવા લાગ્યા. ઓચિંતા આવી ચડેલા મિત્રની માફક રાજા સામે સાહસ છલંગતું આવ્યું. જોખમો હર્ષનો ટંકાર કરવા લાગ્યાં. સૌન્દર્યના ઇલાકાઓમાંથી મધુર પ્રલોભનો ચોરની માફક આવવા લાગ્યાં. મહાસુખના મહાલોમાંથી મુદાઓએ ઓચિંતાં મિલન સાધ્યાં. આશ્ચર્યોનું ને આમોદોનું એ રાજ્ય હતું.

આમ કરતાં કરતાં જડદ્રવ્યનાં ધારાધોરણો ઓળંગાઈ ગયાં, વિચારની સરહદો પાર થઈ ગઈ, અને રાજા નિરંજન નિરાકાર અનામી અનંતતામાં આવ્યો. ત્યાં જગત હતું નહિ, એકાત્મતા દ્વારા સર્વ કાંઈ જ્ઞાત થઈ જતું, આત્મા જ આત્માનું સ્વયંપ્રમાણ હતો, પરમાત્મા પોતે માનવ આંખો દ્વારા જોતો હતો. સર્વ વિચાર ત્યાં વિજ્ઞાત થઈ જતા. શબ્દમાત્ર શાશ્વતનો શબ્દ હતો. એકતા શોધવાની વસ્તુ નહિ, સ્વાભાવિક વસ્તુ હતી. પ્રેમ **एक** માટેની **एक** ની ઝંખના હતો. સૌન્દર્ય એકના એકનો મધુરો

ભેદ હતું. સર્વે સત્યો ત્યાં એકમાત્ર સત્યમાં સમાયેલાં હતાં. ત્યાં રહેનારો વિશ્વથીયે વિશાળ બની જતો. આત્મા પોતાની અનંતતામાં રહેતો.

અશ્વપતિનો આત્મા ત્યાં નિર્મુકત બનીને ઊભો. એ હતો સાક્ષી ને સમ્રાટ. વર્તમાનમાં એણે પોતાના ભૂતને ને ભવિષ્યને ધારણ કર્યા, પળોમાં અગણિત વર્ષોને અનુભવ્યાં. હવે એને આખું અફાટ જડ જગત અપરિસીમ શકિતના એક નાનકડા કાર્ય જેવું જણાયું. શબ્દાતીત ને વિચારાતીત એ અવસ્થામાં હતું કેવળ મૌન, હતું કેવળ બ્રહ્મસ્વરૂપ. રાજાને પોતાના અસ્તિત્વનું આદિ કારણ ત્યાં મળ્યું. અનંતમાં એણે ઊંડાં મૂળ નાખ્યાં, પોતાના જીવનને સનાતનના આધાર ઉપર ઊભું રાખ્યું.

પણ આવી દિવ્યતર અવસ્થાઓ ઝાઝી વાર ટકતી નથી. આપણા સ્વભાવને સુપરિચિત નીચેની અવસ્થાઓમાં પાછું ઊતરવું પડે છે. અવચેતનનું આકર્ષણ કાર્ય કરે છે અને પોતે અનિચ્છુ હોય છે છતાંય આત્મા ઉત્તુંગ શિખર પરથી નિમ્નના પ્રદેશમાં ઊતરી પડે છે. પરંતુ પ્રભુ આ પતનનોય સદુપયોગ કરી લે છે અને એને ઉચ્ચતર આરોહણનું ઓજાર બનાવી દે છે. એક અરૂપ શકિત અને પ્રકાશમય આત્મા પતનની પાછળ પાછળ આવે છે અને આપણા અંધકારની ઓથે રહી સ્વભાવના નિમ્ન અંશોને રૂપાંતર પમાડી એમને ઉચ્ચતર વસ્તુને માટે તૈયાર કરે છે. કેમ કે આપણા સ્વભાવના નાના મોટા સર્વે અંશોએ ઊર્ધ્વના દિવ્ય નિયમને અનુસરતાં શીખવાનું છે, શરીરના અણુઅણુએ અમરાત્માની અર્ચિષને ધારણ કરવાની કળા કેળવવાની છે. એમ ન થાય તો એકલો નંગો આત્મા પોતાના આદિ-મૂળમાં જવાનો અને જગત તથા જીવન છે તેવાં ને તેવાં જ અર્ધ ઉદ્ધાર પામેલી અવસ્થામાં જ પડયાં રહેવાનાં.

અશ્વપતિની ઊર્ધ્વતર ચેતના પડદા પાછળ નિવૃત્ત થઈ. પ્રકૃતિને તૈયાર કરવાની હતી. દિવ્ય શકિતનું આવાહન થતું, ચેતના વિસ્મૃત શિખરે પાછી આરોહતી ને એક નવી સમતુલા સ્થપાતી. એમ કરતાં કરતાં એક અધ્યાત્મ અવસ્થામાં સ્થિરતા આવી ગઈ. શાશ્વત-સ્વરૂપના સામ્રાજ્યમાં સદૈવ રહેવાનું શકય બન્યું. ત્યાંથી રાજાનું મન રાત્રિના ને સંધ્યાના ખોળામાં પોઢેલા બાલપ્રભુને જોવા સમર્થ થયું.

અશ્વપતિનો આત્મા સ્પંદવિહીન બની ગયો હતો અને એ અવસ્થામાંથી શ્રમે લાગેલા સંસારને આપોઆપ સહાય મળી રહેતી. જે દિવ્ય શિલ્પકાર્ય ચાલતું હતું તેના પરિણામે પ્રભુ પ્રકૃતિમાં પ્રાપ્ત થયો, પ્રકૃતિ પ્રભુમાં પૂર્ણકામ બની. હવે એ એક ેવી અવસ્થાએ પહોંચ્યો હતો કે જયાંથી એકમાત્ર દૃષ્ટિની સાથે સત્-અસત્નો વિવેક થઈ જતો, દેવોની ખોટી સહી સાથે આવનારાંઓ ઉપર આપો-આપ અંકુશ મુકાઈ જતો, માયાવિનીઓને એમના મોહક છળવેશમાં પકડી પડાતી, ને વિચાર તથા જીવનના બાહ્યાભાસ પાછળ રહેલું તથ્ય પરખી લેવાતું. પ્રેરણાના, અંતર્જ્ઞાનના ને આવિષ્કારક દૃષ્ટિના અદ્ભુત અનુભવો અશ્વપતિને થવા માંડયા; એની આગળ મનની ચમત્કારી શકિતઓ, ગૂઢ ગૂઢ રહસ્યો, અને

અંત વગરના સ્વપ્નનો અવર્ણનીય અર્થ પ્રકટ થયાં.

એક સાન્નિધ્યનાં એને સર્વત્ર દર્શન થયાં. એક અપાર મહિમા આવિર્ભાવ પામ્યો. એક ઘૂમરાતું તોતિંગ જગત યંત્ર મટીને પ્રભુના વપુની જીવંત ગતિ બની ગયું. અખિલાનંદમય એના હૃદયમાં વિરાજમાન થયો હતો. એના દિવસો નિશ્ચિત લક્ષ્યના યાત્રી બની ગયા હતા. એની રાત્રિઓ ચિંતનમય આત્માની સહચરીઓ બની ગઈ હતી, એનામાં વામને વિરાટ-રૂપ લીધું હતું. એની જયયાત્રા માટે પૃથ્વી સાવ નાની બની ગઈ હતી. જીવન પ્રભુ પાસે જવા માટેનું નિશ્ચિત સાધન બન્યું હતું. એનું શરીર સુધ્ધાં સૂક્ષ્મભાવે ઊંચકાઈને સ્વર્ગની હવાની લહેરો લેતું હતું.

આવી રીતે અશ્વપતિનો આત્મા પ્રકૃતિનાં બંધનોમાંથી નિર્મુક્ત થયો. રાજાના મનનું ને તનનું પ્રાથમિક રૂપાંતર થયું. ઊર્ધ્વમાંથી પ્રભુનું પારાવાર જ્ઞાન નીચે રેલાઈ આવ્યું. વિશ્વ-વિષયક નવું જ્ઞાન અંદરથી વિસ્તાર પામ્યું. પરમ સત્ય અને પરમ બ્રહ્મ પ્રત્યે એના નિત્યના વિચારોની દૃષ્ટિ વળેલી રહેતી. અંતરનો પ્રકાશ એનાં કાર્યોનો ઉત્સ બની ગયો. સમસ્ત બ્રહ્માંડ સાથે અશ્વપતિ એકાકાર બની ગયો. પ્રકૃતિની પ્રબળમાં પ્રબળ શક્તિઓ એના હાથમાં ઓચિંતી પકડાઈ ગઈ. વિશ્વના અજ્ઞાત રખેવાળો સાથે એ હવે વાર્તાલાપ કરતો. આ આંખોથી દેખાય નહિ એવાં સ્વરૂપોને એ જોવા લાગ્યો. કુદરતમાં કામ કરી રહેલાં બળો એને પ્રત્યક્ષ થયાં. કાળનાં રહસ્યો એ કળી ગયો.

એની અંદરનો માનવ પ્રભુનાં પગલાં સાથે પગલાં ભરવા લાગ્યો. એના ભીતરમાં ભભૂકતી જવાળા ભરી હતી તે એનાં બાહ્ય કર્મોથી વર્તાઈ આવતું નહોતું. એ તો પોતાના મનની એક એકાંત અવસ્થામાં રહેતો અર્ધ-દેવ એવો એ માનવોનાં જીવનોનો શિલ્પી હતો. એક આત્માની ઓજસ્વી ઇચ્છાએ આખી માનવ જાતિને ઊર્ધ્વ ગતિ આપી. વિશ્વનાં બળો એના બળ સાથે સંકળાઈ ગયાં હતાં. એક આખા યુગને પલટાવી નાખનારી મહાશક્તિ એણે પોતાની અંદર પ્રકટાવી હતી. ભાવિને માટે એણે મહોચ્ચ સ્વપ્નાંનાં બીબાં બનાવ્યાં હતાં. એનાં મહાકાર્યો કાંસામાં ઢળાયાં હોય તેમ અમર ઢળાયાં હતાં. કાળમાં થતી એની ગતિ માનવોની ગતિઓને ક્યાંય પાછળ પાડી દેતી હતી. એના જીવનના દિવસો હતા એકાંતિક અને આદિત્ય જેવા દેદીપ્યમાન.